સમસ્ત ખરક જ્ઞાતિનું ઇ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.

E-mail : kharaksamajdarpan@gmail.com / Mo. 99254 87956

વર્ષ : ૧ | સપ્ટેમ્બર - ૨૦૨૧ | અંક : ૮ (પેઇજ : ૮)

## તંત્રી સ્થાનેથી



સુજ્ઞ જ્ઞાતિજનો, નમસ્કાર.

આપણી જ્ઞાતિ અનેક ક્ષેત્રોમાં ખૂબ ખૂબ પ્રગતિ કરી રહી છે. 'હાર્ડવર્ક' અને 'ઓનેસ્ટી' ના બે હથિયાર વડે દુનિયા જીતી શકાય છે. તેથી ઉદ્યોગ, વ્યાપાર, ખેતી, નોકરી કે પછી તબીબી ક્ષેત્રે - આપણો પગ મજબુત થતો જાય છે તે જ બતાવે છે કે આપણે એક જ્ઞાતિ તરીકે વિશિષ્ટ છીએ. તેનું આપણને સૌને ગૌરવ હોવું જોઇએ.

મારો કૃષ્ણ ઉપર પ્રેમ વધે તો જ જન્માષ્ટમી ઉજવવાનો અર્થ છે. કૃષ્ણ મારી સાથે છે તે શ્રધ્ધા વધે તો મને સુખ, શાંતિ અને સમાધાન મળે તે વાત ગીતામાં ભગવાને કહી છે - પરંતુ 'આપણે પ્રસન્ન નથી રહી શકતા તેનું કારણ આપણે શ્રધ્ધામાં નહીં સ્પર્ધામાં જીવીએ છીએ.'

મારી લીટી મોટી કરવા બીજાની લીટી ભૂંસવી એ સામાજિક અપરાધ છે. આથી જ્ઞાતિમાં આગળ ચાલી કામ કરનારાની હિંમત તોડવી તે જ્ઞાતિની એકતા તોડવા જેવું છે. સંપ, સંગઠન અને સહકાર વગર આપણે વિકાસ નહીં કરી શકીએ. એક બીજાની ભૂલોને મોટી કરવાને બદલે ગુણોને મોટા કરવા તે આદર્શ પરિવારનું લક્ષણ છે. ચાલો એક વાર્તા દ્વારા આ વાત સમજીએ.

એક માણસને ભગવાન મળી ગયા. એને સ્વર્ગ અને નર્ક વિશે જાણવાની ખૂબ જ ઉત્કંઠા હતી, એટલે એણે ભગવાનને સીધું એ વિશે જ પૂછી લીધું. ભગવાને એને કહ્યું, 'ચાલ, હું તને પહેલા નર્ક બતાવું.' બંને એક ખંડમાં ગયા. ત્યાં ઘણા બધા લોકો સુપના એક મોટા વાસણ પાસે બેઠા હતા. બધા ભૂખથી તડપતા હતા અને હતાશ હતા. બધાના હાથમાં એક મોટો ચમચો હતો. એ પેલા સૂપના વાસણમાં તો જઇ શકતો હતો પરંતુ એનો હાથો એટલો લાંબો હતો કે ચમચામાં સૂપ લીધા પછી એને ફેરવીને પોતાના મોંમા નહોતા લઇ શકતા. આખું દ્રશ્ય એકદમ દુઃખદ હતું. પછી ભગવાને કહ્યું, 'ચાલ, હવે તને સ્વર્ગ બતાવું.' તેઓ એ બીજા ખંડમાં ગયા. એ ખંડ અને એનું દ્રશ્ય નર્ક જેવું જ હતું ત્યાં પણ સૂપનું એક મોટું વાસણ, લોકો અને એમના હાથમાં મોટા હાથાવાળા ચમચા હતા. જોકે રસપ્રદ વાત એ હતી કે અહીં બધા લોકો ખુશ હતા અને એમના પેટ ભરેલાં હતા. પેલા માણસને ખૂબ નવાઇ લાગી. એણે કહ્યું, ભગવાન હું આ નથી સમજી શકતો. બધું જ એક સરખું છે, તો અહીંના લોકો સુખી કેમ છે અને પેલા ખંડના લોકો દુઃખી કેમ હતા? ભગવાન આછું મલકયા. એમણે કહ્યું, 'અરે, એકદમ સહેલી વાત છે, અહીંના લોકોએ એકમેકને સૂપ પીવડાવવાનું શીખી લીધું છે.' - એન લેન્ડર્સ

**આનંદ સેતા**

(તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ, મહુવા)

## શિક્ષક વંદના



The true teachers are those who help us think for ourselves.

૫ સપ્ટેમ્બર, ૨૦૨૧

Happy Teacher's Day


## જ્ઞાતિ 1 પ્રથમ



સમગ્ર જ્ઞાતિમાં પ્રથમ ગ્રેજ્યુએટ (B.Com) (૧૯૬૬) તથા માધ્યમિક શિક્ષક (૧૯૬૬) બનનાર શ્રી નારણભાઇ ધનાભાઇ દેસાઇ (૧૯૪૦) એ ચાલુ નોકરીએ ૧૯૭૧માં બી.એડ્. કરેલું.

## કરલો દુનિયા મુઠ્ઠીમેં
(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)





દેશ : અમેરીકા
નામ : ભોજાણી પ્રકાશ રણછોડભાઇ
પિતા : ભોજાણી રણછોડભાઇ રવજીભાઇ
સંતાન : અંશ
વતન : ભંડારીયા
અભ્યાસ : માસ્ટર ઓફ ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરીંગ
કાર્યક્ષેત્ર : કોલેટી એન્જિનિયર એન્ડ વેલીડેશન એન્જિનિયર
અનુભવ : ૫ વર્ષ
કંપની : Sartorius
નિવાસ : Boston



દેશ : અમેરીકા
નામ : ભોજાણી ક્રાંતિ રણછોડભાઇ
પિતા : ભોજાણી રણછોડભાઇ રવજીભાઇ
સંતાન : રીયાન
વતન : ભંડારીયા
અભ્યાસ : એમ.બી.એ
કાર્યક્ષેત્ર : બિઝનેસ એનાલીસ્ટ
અનુભવ : ૧૦ વર્ષ
કંપની : PCG
નિવાસ : Boston

## મા તુઝે સલામ
લશ્કરમાં કામ કરતા જાંબાઝ જ્ઞાતિબંધુઓ



નામ : સેંતા જનકભાઇ જેરામભાઇ
વતન : જસપરા.
તા. તળાજા. જિ. ભાવનગર.
પરિવાર : પત્નિ : કૈલાસબેન (પિયર દેવલી)
પુત્ર : ચિરાગ (૧૦ વર્ષ) પુત્રી : રુષિતા (૧૪ વર્ષ)
જન્મ તારીખ : ૧૫/૦૯/૧૯૮૩ (મહુવા)
ભારતીય સેનામાં ભરતી તારીખ : ૨૨/03/२003
અનુભવ : ૧૯ વર્ષ
કામગીરીના ક્ષેત્રો : સીકંદરાબાદ (આંધ્ર), ફિરોજપુર (પંજાબ), કિસ્તવાર (J&K), મેરઠ (U.P), ઉટી (તમીલનાડુ), ગયા (બિહાર), શિલોંગ, (મેઘાલય), સિલચર (આસામ), પુને (મહારાષ્ટ્ર), શ્રીનગર (J&K) (હાલ)

સંકલ્પ : આઓ ઝુક કર સલામ કરે ઉનકો,
જિનકે હિસ્સે મેં યે મુકામ આતા હૈ,
ખુશનસીબ હોતા હૈ વો ખૂન,
જો દેશ કે કામ આતા હૈ. જય હિન્દ.

## આપણો વારસો અને વૈભવ



કેડ-કંદોરો : ભાગવત - રામાયણમાં પણ જેનો ઉલ્લેખ મળે છે તે કટી મેખલા, કેડ કંદોરો, સ્ત્રીઓની પાતળી કમરને મોહક બનાવે છે. આજે આપણી જ્ઞાતિમાં, ધીમે ધીમે આનુ ચલણ ઘટતું જાય છે પરંતુ કંદોરો અને ઝૂડો હજુ પણ ઘણી બહેનો શોખથી પહેરે છે. સામાન્ય રીતે ૪૦૦ગ્રામથી લઇ ૧ કિલો સુધી ચાંદીના કંદોરા બનતા હોય છે જયારે ૫૦ગ્રામથી લઇ ૫૦૦ગ્રામ સુધીના ઝૂડા જોવા મળે છે. આ ઘરેણું ખરક, આહિર, ભરવાડ, કોળી જ્ઞાતિમાં વિશેષ જોવા મળે છે.

## ચિંતન

॥ શ્રી યોગેશ્વરોવિજયતેતરામ ॥

# અભિવ્યક્તિ



સુજ્ઞ જ્ઞાતિભાઈઓ તથા બહેનો...
સાદર જય યોગેશ્વર...

આપ સર્વોને જ્ઞાત હશે કે, આજથી ૨૦ વર્ષ પહેલા ૨૦૦૧ના વર્ષમાં આપણે 'ખરક ગૌરવ સંદેશ યાત્રા' ના ઉપક્રમે, આપણી જ્ઞાતિના ગામડાઓમાં ૨૪ સ્થળે યોજાયેલ જ્ઞાતિ મિલનોમાં જેમાં ૧૧૦૦૦ થી વધુ જ્ઞાતિજનો આવ્યા હતા.

આ મિલનમાં આપણે આપણી જ્ઞાતિમાં શિક્ષણ, સંસ્કાર, સ્વચ્છતા અને સત્સંગ (સ્વાધ્યાય) ની વાતો કરેલ. જ્ઞાતિ માટે કહેવાતુ

'જાડાં લુગડાં પહેરતા, ખાંડીને ખાતા ધાન,
નેવે નમીને ચાલતાં ખરક કહેવાતા ખાનદાન'

તેમાંથી આપણી ઓળખ બદલાયાના એંધાણ અનુભવું છું. છેલ્લા ૨૦ વર્ષમાં આપણે શિક્ષણ ક્ષેત્રે હરણફાળ કરીને નોકરી તેમજ અનેકવિધ ધંધાના ક્ષેત્રે સફળતાના સોપાન સર કર્યા છે અને તે દેશ-વિદેશમાં પહોંચ્યા.

સંસ્કારના પણ આગ્રહી બની, સાંસ્કૃતિક વિચારો, શાસ્ત્ર અને સંતોના સાંનિધ્ય પ્રાપ્ત કરતા આપણી જીવનશૈલીમાં વિધાયક ફળ પ્રાપ્ત કરી રહ્યા છીએ. તેમજ સ્વચ્છતા અને આપણા નિરામય સ્વાસ્થ્ય તરફ અગ્રેસર થયા છીએ.

જીવનમાં વિચારના પ્રાધાન્યને સમજતા થતા, સત્સંગ (સ્વાધ્યાય) માં પણ અભ્યાસુ વૃત્તિ કેળવતા જીવન ધર્મમય પ્રભુમય બન્યું.

ગુરૂ વશિષ્ટે શ્રી રામને ઉપદેશ આપેલ કે

વિચારઃ પરમંજ્ઞાનં સ્વાધ્યાય પરમં ધનમ્!
શમસ્ય પરમં સુખમ્ સંતોષઃ પરમો લાભઃ ॥

આમ જીવન સાફલ્ય માટે ચાર વાત જ્ઞાન સ્વાધ્યાય, સમતા અને સંતોષ ને મેળવવા પ્રમાદ ન કરવો જોઈએ.

છેલ્લા ૨૦ વર્ષનું સરવૈયુ જોઈએ ત્યારે મને આપણી જ્ઞાતિજનોના જીવન વિકાસના ક્ષેત્રે ઉપરોકત ગુણોનું પ્રાગટ્ય અનુભવાય છે. જેને લઈને આપણા સર્વોમાં પરિવર્તન દ્રષ્ટિગોચર જણાય છે.

મને હવે આ પરિણામો જોતા વિશ્વાસ છે કે આપણે સર્વો સદ્‌વિચાર અને સદ્‌માર્ગને અનુસરી સાપ્રાંત કાળમાં કોઈપણ લાલચ કે ફાયદાની, વાતમાં ન ફસાતા વિવેકબુદ્ધિ અને પ્રમાણિક પ્રયત્ન સતત કરીને સર્વોના વ્યવસાયિક જીવનમાં, ધર્મમાં અને રાષ્ટ્રમાં પ્રગતિના સોપાન ચઢવામાં નિમિત્ત બનીશું ને આપણી ખાનદાનીને ઉજાળશું. જેઓ કેવળ ખેતીમાં પાવરધા કહેવાતા હતા કે

'ખરક ખેતીમાં રસિયો, મહેમાનમાં મોળો નહી,
નહી વણસતી વાત, ખાનદાની તો ખરકની'

પણ હવે તો કોઈપણ ક્ષેત્રમાં આપણે રસપૂર્વક મહેનત અને પ્રમાણિકતાથી આગળ વધીને આપણી ખાનદાનીને ચાર ચાંદ લગાડી રહ્યા છીએ.

નાથાભાઈ વાચક - ભાદ્રોડ (અમદાવાદ)
મો. ૯૪૨૬૭ ૫૮૯૬૫

## શુભ ઉદ્‌ઘાટન


મહુવા : મહુવા નિવાસી નરેન્દ્રભાઈ શામજીભાઈ વળિયા તથા કેતનભાઈ નરેન્દ્રભાઈ વળિયા દ્વારા દ્વિતીય સોપાન **સીતારામ જવેલર્સ** (સોના ચાંદીના ફેન્સી તેમજ ગામઠી દાગીના બનાવનાર તથા વેચનાર) નું શુભ ઉદ્‌ઘાટન તા. ૨૩/૮/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : સોનીબજાર, કેબીનચોક, જૈન દેરાસરવાળો ખાંચો, મહુવા. મો. ૯૦૩૩૩૪૮૭૮૨

મહુવા : મહુવા નિવાસી વિપુલભાઈ રવજીભાઈ વળિયા તથા અજયભાઈ રવજીભાઈ વળિયા દ્વારા **સીતારામ એગ્રો ટેક** નું શુભ ઉદ્‌ઘાટન તા. ૧૨/૮/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : એ - ૮, આહિર ભુવન, પરસીવલ પરા, મહુવા. મો. ૯૮૨૫૦૫૪૨૭૫, ૯૪૨૯૯૮૦૭૨૩૧

સુરત : સખવદરના નિવાસી કામળિયા પોપટભાઈ માધાભાઈ દ્વારા **મંગલમ મોટર્સ એન્ડ સર્વિસ સ્ટેશન** નું શુભ ઉદ્‌ઘાટન તા. ૧૪/૨/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : આશાદીપ સ્કૂલ પાસે, એઈમ્સ હોસ્પિટલ, બી.આર.ટી.સી. સીમાડા, વરાછા, સુરત. મો. ૭૬૯૮૦૧૫૦૧૭

ભાવનગર : ત્રાપજ નિવાસી શ્રી મુકેશભાઈ કાનાભાઈ વળિયા દ્વારા **ક્રિષ્ણા હાર્ડવેર એન્ડ સેનેટરી** નું શુભ ઉદ્‌ઘાટન તા. ૨૨/૮/૨૦૨૧ને રક્ષાબંધનના રોજ કરવામાં આવ્યું. સ્થળ : જગદીશ્વર પાર્ક સામે, સીદસર રોડ, લીલા સર્કલ, ભાવનગર. મો. ૯૯૦૯૬૫૪૦૫

ભાવનગર : થોરાળી નિવાસી દિલીપભાઈ ઠાકરશીભાઈ ખીમાણી દ્વારા **ક્રિષ્ણા પેથોલોજી લેબોરેટરી** નું શુભ ઉદ્‌ઘાટન અંબિકા આશ્રમ, સાંગાણાના મહંતશ્રી રમજુબાપુના હસ્તે તા. ૯/૮/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : દુકાન નં. ૨૭, એવન્યુ કોમ્પ્લેક્ષ, અર્બન હેલ્થ સેન્ટર સામે, આખલોલ જકાતનાકા, ભાવનગર. મો. ૯૫૧૦૬૨૮૧૦૨



તેજસ્વી તારલાં : રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા લેવાયેલ NTSE(રાષ્ટ્રીય પ્રતિભા શોધ) પરીક્ષામાં ગણેશ માધ્યમિક શાળાના ધો. ૧૦ના વિદ્યાર્થી ઠંઠ કિશનભાઈ દિનેશભાઈ (ઠળિયા) સમગ્ર જિલ્લામાં દ્વિતિય સ્થાન લાવી મેરિટ લીસ્ટમાં પસંદગી પામ્યા. ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.

## અભિનંદન



મહુવા : શિક્ષણ વિભાગ ગુ.સ. દ્વારા ૨૦૨૧-૨૨ (પ્રથમ સત્ર) ના પ્રતિભાશાળી શિક્ષક તરીકે મહુવા નગરપાલિકા શાળા નં. ૧૫ના શ્રી દિનેશભાઈ લાલજીભાઈ કાપડિયાની પસંદગી થયેલ છે. ૧૫મી ઓગસ્ટનાના રોજ પ્રાંતઅધિકારીશ્રી ડૉ. પંકજકુમાર વલવાઈના હસ્તે પ્રમાણપત્ર દ્વારા તેઓશ્રીનું સન્માન કરવામાં આવ્યું.



તરેડ (મહુવા) : મહુવા તાલુકાની તરેડ કન્યા શાળામાં મુખ્ય શિક્ષક (HTAT) તરીકે કાર્યરત શ્રી વિપુલભાઈ ગફૂલભાઈ સેંતાની મહુવા મુખ્ય શિક્ષક સંઘમાં મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી થઈ. તેઓ મહુવા તાલુકા શિક્ષક મંડળીના ડીરેકટર પદે પણ કાર્યરત છે.



ભાદ્રોડ : ભારતીય સશસ્ત્ર સેના બળ (SSB) માં પસંદગી પામી ભાદ્રોડના વાચક સંજયભાઈ વલ્લભભાઈ હાલ મનાલી ખાતે તા. ૧૦/૪/૨૧થી તાલીમ લઈ રહ્યા છે.

## સમાચાર દર્પણ

તળાજા : સમસ્ત ખરક જ્ઞાતિના પ્રમુખશ્રી દ્વારા આપણી જ્ઞાતિને કેન્દ્રમાં O.B.C.માં સમાવવા માટેની કામગીરી કરવા (૧) ઢેઢી કેશવભાઈ ઘુસાભાઈ ઠળિયા (૯૩૨૧૪૯૩૫૭૪) તથા (૨) રમેશભાઈ રાણાભાઈ વળિયા - રાજપરા-૨ (૯૩૭૪૦૪૮૯૦૪) ની નિમણૂંક કરેલ છે. તેઓશ્રીએ પોતાની કામગીરી શરૂ કરી દીધેલ છે.

મહુવા : શ્રી મહુવા ખરક જ્ઞાતિ આરોગ્ય વિભાગે કોવીડ કેર સેન્ટર ૨૦૨૧ સોનાવાલા બાગ - મહુવા કોવિડ કેર સેન્ટરમાં જે લોકોએ સેવા સહયોગ અને સહકાર આપેલ તેઓનો સન્માન કાર્યક્રમ તા. ૦૮/૦૯/૨૦૨૧ બુધવારના રોજ ૭:૦૦ કલાકે સોનાવાલા બાગ બારપરા - મહુવા ખાતે રાખવામાં આવેલ એમાં મહુવાના ડેપ્યુટી કલેકટર શ્રી ડૉ. પંકજભાઈ વલવાઈ સાહેબ તેમજ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર મહુવાના વરિષ્ઠ સંતશ્રી ભકિતતનયદાસસ્વામિના હસ્તે સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ અને ડૉ. પી.એસ.ભુત સાહેબ અને ડૉ. ભુપતભાઈ પટેલિયા સાહેબ તથા મહેમાનોના હસ્તે પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ.

સમાચાર દર્પણ : સમસ્ત ખરક સમાજની કારોબારી સમિતિ ગોપનાથ ખાતે તા. ૫/૯/૨૧ના રોજ મળી જેમાં સુરક્ષા કુંભનું કામ વ્યવસ્થિત કરવાનો સંકલ્પ લેવાયો. આ સાથે ગોપનાથ મંદિરના સાંનિધ્યમાં લઘુરુદ્ર, મહાઆરતી અને મહાપ્રસાદ રાખવામાં આવેલ.

# ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ

ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે
અમારા બધા જ દર્દીઓ,
સગા, સ્નેહીજનો, ડૉક્ટરશ્રીઓ,
વડીલો અને હિતેચ્છુઓના
અમને મળેલ સતત સહકાર
બદલ અમો હૃદયપૂર્વક
આભાર વ્યકત કરીએ છીએ.

**અમારી હોસ્પિટલમાં મળતી સારવાર...**

- હૃદયરોગ
- બી.પી.
- ડાયાબીટીસ
- શ્વાસ
- પેરાલીસીસ
- તાવ
- પેટના રોગ
- કીડનીના રોગ
- ફેફસાના રોગ
- મગજના રોગ

E.C.G., 2D ECHO & T.M.T. માટેનું Centre

RELIABLE
વિશ્વાસપાત્ર હોસ્પિટલ

RESPECTABLE
મહુવાની સન્માનનીય હોસ્પિટલ

Successful 3 years

જવાબદાર મેડીકલ ટીમ
RESPONSIBLE

સૌને પરવડે તેવી હોસ્પિટલ
REASONABLE

ઉપરના રોગોની ઈમરજન્સી, ઓપીડી,
દાખલ (ઈન્ડોર) સારવાર માટે સંપર્ક કરો.



ડૉ. ભુપત પી.પટેલીયા

सर्वे भवन्तु सुखिनः। सर्वे सन्तु निरामयाः।
FIRST, BEST, ALWAYS

## ॥ શ્રી રામ ॥

## આઈ.સી.યુ. એન્ડ નર્સિંગ હોમ

(કાર્ડિયાક એન્ડ ડાયાબિટીક કેર સેન્ટર)

પ્લોટ નં. ૯૫, કૈલાસ એપાર્ટમેન્ટ સામે, નુતન નગર, મહુવા - ૩૬૪૨૯૦. જી. ભાવનગર.
ફોન નં. (૦૨૮૪૪) ૨૨ ૧૧ ૨૨ / મો. ૭૦ ૪૮ ૨૨ ૧૧ ૨૨

## વ્યકિત વિશેષ



### કર્મઠ, સેવાભાવી અને જ્ઞાતિ રત્ન
### સ્વ. જેરામભાઇ શામજીભાઇ વળિયા (મહુવા)

**ભૂમિકા :** પરોપકારાય ફલન્તિ વૃક્ષાઃ। ખરેખર જેરામભાઇનું સંપૂર્ણ જીવન ટાઢ, તાપ અને વરસાદ સહન કરી બીજાને ફળ આપતાં વૃક્ષો જેવું હતું.

**બચપણ :** પિતા શામજીભાઇ અને માતા દૂધીબેનના ત્રીજા સંતાન તરીકે તા. ૨૦/૮/૧૯૫૨ના રોજ જન્મેલ જેરામભાઇનું બચપણ કારમી ગરીબીમાં પસાર થયું. સમજણ આવી ત્યારથી દાડિયું કરવી, છાણા વીણી ઉકરડાં બનાવવા, દોરડામાં કામે જવું - શરૂ થયેલું. પહેરવા માત્ર એક જ જોડ કપડાં - રાત્રે કમુબેન ધોઇ આપે તે જ સવારે પહેરવાના પરંતુ જવાબદારી માણસને મજબુત બનાવે છે તેમ કામ કરતા કરતા ધો. ૧ થી ૭ માં હંમેશા પ્રથમ નંબરે પાસ થયા.

**અભ્યાસ :** શિક્ષકની સલાહ મળી કે ધો. ૭ માં સારા માર્ક છે. શાળાંત કરી નાખો અને તે શાળાંત પરીક્ષામાં પણ અવલ્લ રહ્યા એટલે ત્રાપજબંગલા અધ્યાપન મંદિરમાં P.T.C. માં પ્રવેશ મળ્યો. પરંતુ પી.ટી.સી ની ફી ક્યાંથી લાવવી? પૂરા ૧૯૪ રૂપિયા! છેવટે ડૉ. બી.ટી. વળિયા સાહેબના પિતા ટપુદાદાએ ભરોસો મૂકયો. 'જા. દિકરા દાડિયે આવીને વાળી દેજે.' ફી નું થયું તો જમવાનું શું? પરંતુ આત્મનિર્ભર જેરામભાઇએ કરકસરતો કરી પણ શાળા સિવાયના સમયમાં ત્રાપજમાં ખેત મજૂરી કરી... ગાડું ચલાવ્યું... પી.ટી.સી. પૂરું થયું. મહુવાના તરેડી ગામમાં નોકરી મળી. પણ ઉંમર હતી માત્ર ૧૬ વરસ. ૧૮ વરસ પહેલા નોકરીમાં કેવી રીતે રાખી શકાય? આચાર્યે તો છૂટા કરી દીધા.

**વ્યવસાય :** બે વરસ ફરી દાડિયું... ઋણમુકત થયા. બે વરસ પછી કોટામુઇમાં શિક્ષક થયાં ભણવાની લગની એવી કે નોકરી દરમ્યાન બી.એ., એમ.એ. થયા ને નોકરી છોડી ખંભાત બી.એડ. કરવા પહોંચ્યા. અભ્યાસ પછી તળાજા દોશી સ્કૂલમાં નોકરી મળી ગઇ. ભગવાનના ઘરે દેર છે અંધેર નથી. પરિવારની આર્થિક સ્થિતિ સુધરતી ચાલી. વળી મહુવા મ.ના. મહેતા ગર્લ્સ સ્કૂલમાં નોકરી મળી તે દરમ્યાન જ્ઞાતિની દીકરીઓને ભણાવવાના પ્રયત્નો કર્યાં. ગુજરાતીના શિક્ષક હતાં છતાં ટ્યુશન માટે લાઇન લાગતી.

૧૯૯૨માં શેઠ એમ.એન. હાઇસ્કૂલમાં આચાર્ય તરીકે નોકરી મળી. ત્યાં તેમણે લોકપ્રિયતાના બદલે કર્તવ્યપાલનની પસંદગી કરી. સવારના ૬ થી સાંજના ૬ સુધી પટ્ટાવાળાથી લઇ પ્રિન્સીપાલ સુધીનું બધું કામ કર્યુ. 'ન ભુતો ન ભવિષ્યતિ' આચાર્ય બની શાળાને વ્યવસ્થિત કરી. પોતાના સંતાનને પણ ભૂલ હોય તો ઘરે મોકલી દે તેવી શિસ્ત દાખવી.

**પદ અને પ્રતિષ્ઠા :** આચાર્ય તરીકે સમગ્ર જિલ્લામાં નામના મેળવી ડૉ. નલિનભાઇ પંડિત, રાજકોટના ગીજુભાઇ ભરાડ, મારવાડી યુનિ. ના મારવાડીભાઇ, હિન્દુસ્તાન ઇન્કના ગફારભાઇ તથા મહુવા શહેર ગ્રામ્યના આચાર્યોના તે પ્રીતિપાત્ર હતા. તેમણે જિલ્લા આચાર્યસંઘમાં પ્રમુખ તરીકે S.V.S. માં કન્વીનર તરીકે તથા શ્રેષ્ઠ શિક્ષક પસંદગીના સભ્ય તરીકે તથા S.S.C. બોર્ડમાં પરીક્ષક, મોડરેટર તથા પેપર સેટર તરીકે કામગીરી કરી. ૨૦૧૦માં પૂ. મોરારીબાપુના વરદ્ હસ્તે તેમને નિવૃત્તિ - શુભેચ્છા મળી પછી અનેક 'ઓફરો' જતી કરી જ્ઞાતિની બોર્ડિંગના કામમાં મન પરોવ્યું.

**જ્ઞાતિ સેવા :** ગરીબી વેઠેલી એટલે જીવનભર કોઇ કોડિયું દિવેલ વગર ન ઓલવાય તેની કાળજી લીધી. ઉત્કર્ષ મંડળ દ્વારા જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ M.B.B.S. સુધી અભ્યાસ કરી શકે તે માટે અર્થવ્યવસ્થા કરી અને જ્ઞાતિના વિદ્યાર્થીને પુસ્તકો મળી રહે તે માટે બુકબેંકની સ્થાપના કરી. વળી નવરાત્રિમાં, સમૂહલગ્નમાં, જ્ઞાતિભોજનમાં જેરામભાઇ સ્ટેજની લાલચ વગર હંમેશા સક્રિય રહ્યા. બારપરાના 'ચોરા' માં કમ્પ્યુટર કલાસ તથા પુસ્તકાલય શરૂ કર્યા જેમાં કનુભાઇ કાપડિયા, જગાભાઇ ખોડિફાડ તથા શામજીદાદાનો સહયોગ મળ્યો. પત્નિ પ્રભાબેન અચાનક છોડીને ભગવાનના વહાલાં થઇ ગયેલ તો તેમની પાછળ 'જ્ઞાતિ ભોજન' પણ આપ્યું. વળિ પિતા તથા પત્નિની સ્મૃતિમાં ભાવનગર બોર્ડિંગને રૂમદાન પણ આપેલ.

**સંત સમાગમ :** જેરામભાઇ પૂ. મોરારિબાપૂને મળતા ત્યારે બાપુ હંમેશા તેમનું ક્ષેમકુશળ પૂછતાં, તો સ્વામીનારાયણના સાધુઓના પ્રિય સત્સંગી બની કંઠી સ્વીકારેલ. કુંભણ પૂ. શરદમભાઇ વ્યાસના સ્વપ્ન સમી એસ.વી. દોશી સ્કૂલ ઊભી કરવામાં પણ જેરામભાઇએ અગાધ પ્રયત્ન કરેલા. પૂ. સીતારામબાપુ તો સમકાલિન શિક્ષક આથી તે આજીવન તેમના મિત્ર રહ્યા. ઉકાલાલ પટેલના કારણે જૈનસાધુ વિજયરત્ન સુરીજીના ચાહક બન્યા અને પત્રાચાર કરેલો.

**સાહિત્ય-સંગત :** સરળતા અને ઋજુતાના કારતે તેમના મિત્રોનો બાગ સમૃધ્ધ હતો. જેમાં જાણીતા વાર્તાકાર દીલીપ રાણપુરા, કવિશ્રી કરસનદાસ લુહાર, ઉમાકાંત રાજયગુરુ, નાનાલાલ ત્રિવેદી, જગન્નાથ રાજયગુરુનું સાંનિધ્ય તેમને મળતું રહ્યું.

**અંત :** સૂરજ સૂરજનું કામ કરી સાંજે અસ્ત થાય તેમ અનેક કોડિયામાં દિવેલ પૂરી સૂરજ સ્વયં તા. ૨૦/૫/૨૦૧૭ના રોજ અસ્ત થયો. પુત્ર દર્શન અને પુત્રી જયશ્રી જ નહીં કેળવણીના ચાહકો અને અનેક વિદ્યાર્થીઓ અને જ્ઞાતિજનોની આંખ અશ્રુમય બની.

## સાહિત્ય દર્પણ

### ઓકિસજન

ભાવનગર સિવિલના સ્ત્રીઓનાં કોરોના વોર્ડમાં દાખલ થયેલી રમીલાનાં કાને ડૉકટરો અને નર્સનો ચુપચાપ અવાજ સંભળાયો, 'ઓકિસજનનો સિલિન્ડર એક જ છે અને પુરુષોના વોર્ડમાં હમણાં જ દાખલ થયેલ ભરતભાઇ મોણપરાને ઓકિસજનની ખૂબ જ જરૂર છે અને અહી રમીલાબહેનને પણ જરૂરી છે અને રમીલાબહેન તો ભરતભાઇની પહેલાં દાખલ થયેલાં છે તો શું કરવુ?'

રમીલાએ આ સાંભળીને હાથના ઇશારાથી ડૉકટર સાહેબને પોતાની નજીક બોલાવ્યા ને કહ્યું 'તમે હમણાં જે દર્દીનું નામ બોલ્યા તે કયાનાં છે?' ડૉકટરે કહ્યુ 'ભરતભાઇ ચતુરભાઇ મોણપરા અહી ભાવનગર વડવાના જ છે.' રમીલાએ મનમાં વિચારીને કહ્યું 'ઓકિસજનનો બાટલો તેમને આપી દો, મને પછી બાટલો મળે તો આપજો નહીતર થયું!' ડૉકટરો નવાઇ પામીને કહ્યું 'પણ રમીલાબહેન ઓકિસજનની જરૂર તો તમારે પણ છે અને તમે તેમની પહેલા દાખલ થયેલા છો!' પણ રમીલા એક ની બે ન થઇ.

રમીલાની વેતરણથી ભરત મોણપરાને ઓકિસજન મળી ગયો અને નવું જીવન પણ! કુદરતને કરવું ને રમીલાને બીજી વ્યવસ્થામાં ઓકિસજન મળી ગયો.

દસ-બાર દિવસની સારવાર પછી ભરત મોણપરાને વિદાય આપતી વેળાએ ડૉકટરે કહ્યું 'ચાલો ભરતભાઇ હું તમને જીવનદાન આપનાર બહેનને મળાવું.' કહીને તેઓ ભરતભાઇને રમીલા પાસે લઇ ગયા. ભરત મોણપરા રમીલાને જોતા જ આશ્ચર્યચકિત થઇ ગયો અને તેની આંખમાંથી શ્રાવણ - ભાદરવો વરસવા લાગ્યા. ડૉકટર પણ આભા બની ગયા. છેવટે ખબર પડી કે રમીલા, ભરત મોણપરાની જ પત્નિ હતી ને છેલ્લાં સાત-આઠ વર્ષથી કોર્ટમાં છુટાછેડાનો કેસ ચાલતો હતો, પણ રમીલાના ત્યાગે બન્નેના જીવનમાં નવો ઓકિસજન ભરી દીધો!

લેખક : સેંતા અરવિંદભાઇ રાણાભાઇ (ભુંભલી) મો. ૯૭૨૭૬૯૯૦૯૪

## મૃત્યુ નોંધ

દકાના : કાપડિયા મણિબેન ખાટાભાઇ (૭૮) ૧૦/૮/૨૧
વાળુકડ : પટેલિયા અજવાળીબેન દામાભાઇ (૭૦) ૧૧/૮/૨૧
ભડીભંડારિયા : સેંતા દવલબેન બાવચંદભાઇ (૭૨) ૧૫/૮/૨૧
વાળુકડ (જીજી) : સેંતા ધોળીબેન જેઠાભાઇ (૮૮) ૧૬/૮/૨૧
ઠળિયા : ટાઢા ગકુલભાઇ ઉકાભાઇ (૭૧) ૧૭/૮/૨૧
લીલીવાવ : સોલંકી પાંચીબેન ખાટાભાઇ (૯૨) ૨૮/૮/૨૧
ખંઢેરા : વળિયા વેલજીભાઇ રવજીભાઇ ૩૦/૮/૨૧
ભાવનગર : ભોજાણી કમુબેન ધરમશીભાઇ ૩૦/૮/૨૧
કુંભણ : કૂચા મુળીબેન ભોળાભાઇ (૯૦) ૩૦/૮/૨૧
મોરચંદ : કાપડિયા સંગીતાબેન વિનેષભાઇ ૩૧/૮/૨૧
મહુવા : ઠંઠ વળિયા ચકુરભાઇ જાદવભાઇ (૮૫) ૧/૯/૨૧
મહુવા : વળિયા લીલીબેન તેજાભાઇ (૬૨) ૩/૯/૨૧
મોરચંદ : કાપડિયા જીવનભાઇ ભવાનભાઇ (૫૯) ૩/૯/૨૧
તરેડ : નરશીભાઇ કલ્યાણભાઇ (૯૦) ૩/૯/૨૧

ઓછા ખર્ચમાં

# ફિલિપાઈન્સમાં MBBS

## 1 વર્ષ ગુજરાતમાં તથા 4.5 વર્ષ ફિલિપાઈન્સમાં ભણો

**છેલ્લા 10 વર્ષમાં 1250 થી વધુ ગુજરાતી વિદ્યાર્થીની MBBS માટે ફિલિપાઈન્સની પ્રથમ પસંદગી**

## LYCEUM NORTHWESTERN UNIVERSITY

**DAGUPAN CITY, PHILIPPINES** (Recognised by WHO MCI, CHED, IMED, ECFMG)

### વિદ્યાર્થીઓની ફિલિપાઈન્સમાં MBBS અભ્યાસની પ્રથમ પસંદગીના કારણો નીચે મુજબ છે

(૧) ફિલિપાઈન્સ એ એશિયા ખંડનો દેશ છે. આથી આપણા દેશ જેવું વાતાવરણ (8°C to 36°C), આપણા જેવા લોકો, શાંત વાતાવરણ.

(૨) ફિલિપાઈન્સ એ દુનિયાનો ત્રીજો નંબરનો અંગ્રેજી ભાષા બોલતો દેશ છે. યુનિવર્સિટીમાં સંપૂર્ણ અભ્યાસ અંગ્રેજી માધ્યમમાં થાય છે. જ્યારે અન્ય દેશો જેવાં કે રશિયા, યુક્રેનમાં ત્યાંની લોકલ ભાષામાં અભ્યાસ થાય છે.

(૩) પ્રથમ વર્ષ ગુજરાતમાં ભણવાનું હોવાથી એનો ફાયદો એ છે કે ગુજરાતી માધ્યમમાં ભણેલા વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ દરમ્યાન અંગ્રેજીમાં અભ્યાસનો મહાવરો થઈ જાય છે. આથી બીજા વર્ષે ફિલિપાઈન્સ જશે ત્યારે અંગ્રેજી માધ્યમમાં લેવાતા લેક્ચર બરાબર સમજી શકશે.

(૪) ફિલિપાઈન્સમાં MBBS (B.S.-M.D.) 5.5 વર્ષમાં (ઈન્ટર્નશીપ સાથે) પૂર્ણ થાય છે જ્યારે રશિયા, યુક્રેન, બેલારૂસમાં 7 વર્ષ થાય છે.

(૫) ભારતમાં થતા રોગો અને ફિલિપાઈન્સમાં થતા રોગો સમાન છે તથા ભારતીય મેડીસીન પણ ફિલિપાઈન્સમાં મળી રહે છે.

(૬) હોસ્ટેલ કોલેજની સામે જ છે તથા ગુજરાતી ભોજનની કેન્ટીન પણ ઉપલબ્ધ છે.

(૭) ફિલિપાઈન્સમાં MBBS નો અભ્યાસ કર્યા બાદ, પરત આવે ત્યારે NMC (National Medical Commission) ની પરિક્ષા પાસ કરવાની હોય છે. આ પરિક્ષાની તૈયારી ફિલિપાઈન્સમાં અભ્યાસ સાથે જ કરાવવામાં આવે છે.

(૮) ફિલિપાઈન્સમાં ઈન્ટર્નશીપમાં વિદ્યાર્થીઓને ક્લિનીકલ એક્સપોઝર ખૂબજ સારું મળે છે. હોસ્પિટલમાં પ્રેક્ટીકલ નોલેજ શ્રેષ્ઠ પ્રકારનું મળે છે.

(૯) જે વિદ્યાર્થીને PG કરવા માટે યુ.એસ.એ. જવું હોય તેમના માટે USMLE ની પરિક્ષાની તૈયારી અભ્યાસ સાથે જ ફિલિપાઈન્સમાં થાય છે.

(૧૦) NEET ક્વોલીફાઈડ વિદ્યાર્થીઓને ડાયરેક્ટ (BS-MD) પ્રવેશ મળે છે.

(૧૧) NEET અનક્વોલીફાઈડ વિદ્યાર્થીઓ વર્ષ બચાવો. જે વિદ્યાર્થીને NEET નો સ્કોર, કટ ઓફ માર્કસથી ઓછા આવ્યા હોય, તેવા વિદ્યાર્થી મિત્રો પણ ડૉક્ટર બનવાનું પોતાનું સપનું પૂર્ણ કરી શકે છે. આ અંગેની માહિતી માટે અમારો સંપર્ક કરો.

(૧૨) લોન માટે : Rs. 15 Lac ની ગર્વમેન્ટ લોન 4% વાર્ષિક વ્યાજ દરથી EWS, OBC, SC, ST તમામ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે મળે છે. લોનની સમગ્ર પ્રોસેસ કરવાનું સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.



એડમીશન માર્ગદર્શન માટે મળો

## કેરીયર સ્ટડી સેન્ટર (રજી.)

૨૧૮, યુનિવર્સિટી પ્લાઝા, રસરંજન રેસ્ટોરન્ટ પાસે, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

સંપર્ક : મનસુખભાઈ સેંતા • M. : 98240 44364 • Tel. : 079-27913386

# અભિનંદન

## ગુજકેટ ૨૦૨૧ના તેજસ્વી તારલાંઓ

૧૨૦માંથી ૯૦ ઉપર માર્ક લાવનાર મોટા ભાગના વિદ્યાર્થી B ગ્રૃપના પ્રમાણપત્ર તથા ઈનામ નવેમ્બર-૨૧માં પહોંચાડેશે. NEET માટે શુભકામના




વાળાકી મીતુલ વલ્લભભાઇ
સુરત / માળવાવ ૧૧૧.૨૫




કુચા કિશન જગદીશભાઇ
સુરત / ત્રાપજ ૧૧૦




ખીમાણી અજય ભૂપતભાઇ
ભુંભલી ૧૦૮.૭૫



વળિયા કેવલ રણછોડભાઇ
દિહોર / ૧૦૭.૫૦



વળિયા હેત્વી હિંમતભાઇ
મહુવા ૧૦૬.૭૫



કુચા બંસરી અશોકભાઇ
મહુવા ૧૦૫.૫૦



કાપડિયા ઉત્તમ પ્રેમજીભાઇ
હમીરપરા ૧૦૫૦૫૦



કુચા રવિ રાજુભાઇ
ત્રાપજ ૧૦૪



ટાઢા સાગર ખીમજીભાઇ
દાઠા ૧૦૪



ટાઢા પ્રકાશ રમેશભાઇ
મહુવા ૧૦૩.૭૫



કંસારા અલ્પા અરજણભાઇ
ભુંભલી ૧૦૩.૭૫



ચૌહાણ રાજુભાઇ લાલજીભાઇ
ભદ્રાવળ ૧૦૨



ખોડિફાડ હિરલ પ્રેમજીભાઇ
વાળુકડ ૧૦૧



કાપડિયા સુધીર માધાભાઇ
નૈપ ૯૮.૭૫



ભોજાણી રિધ્ધિ વિનુભાઇ
હમીરપરા ૯૮.૨૫



કુચા પાર્થ વલ્લભભાઇ
ધારડી ૯૮



ખોડિફાડ પારસ પ્રેમજીભાઇ
વાળુકડ ૯૭.૫૦



સેંતા પંકજ મુકેશભાઇ
ત્રાપજ ૯૬.૨૫



કાપડિયા અરવિંદ મગનભાઇ
નૈપ ૯૪.૫૦

સેંતા ચિરાગ નાગજીભાઇ - મહુવા - ૯૩.૨૫
કામળિયા મિલન કાનજીભાઇ - વાળુકડ - ૯૩
કુચા ચિરાગ ભૂપતભાઇ - કુંભણ - ૯૨.૭૫
કામળિયા કલ્પેશ દામજીભાઇ - પાદરી - ૯૨.૨૫
ભોજાણી ભવદીપ રામજીભાઇ - હમીરપરા - ૯૧.૨૫
કંસારા અમૃતા અરજણભાઇ - ભુંભલી - ૯૦.૨૫

YOUR TRUST IN US KEEPS US GOING

# BHOJANI INVESTMENT

| Mahuva Branch | Bhavnagar Branch | Surat Branch |
|---|---|---|
| Narshi Bhojani | Nilesh Bhojani | Mahesh Bhojani |
| 9824218830 | 9723398817 | 9723231209 |

BHOJANI BROTHERS GROUP

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA digit CSC

SBI SBI general INSURANCE



**શ્રી વિવેકાનંદ ઓનલાઈન**
શોપ.નં-૬, ગૌતમેશ્વર શોપીંગ
ભગવતી ચોક, કાળિયાબીડ, ભાવનગર
**નિલેશ પી. ટાઢા**
**9328742121**

જેનિલ

**SBI ગ્રાહક સેવા કેન્દ્ર**
શોપ.નં-૧૩, શિવરંજની કોમ્પ્લેક્ષ, SBI બેંકની
બાજુમાં ભગવતી સર્કલ, કાળિયાબીડ.
**રમેશ પી. ટાઢા**
**9328722121**



## શ્રી વિવેકાનંદ ઓનલાઈન

- ઓનલાઈન ફોર્મ
- પાસપોર્ટ ફોટો
- ST બસ ટિકીટ બુકીંગ
- બુક સ્ટોલ
- કલર પ્રિન્ટ
- ટ્રાવેલ્સ ટીકીટ બુકીંગ
- બાઈન્ડીંગ
- મોબાઈલ રિચાર્જ
- કુરીયર સર્વિસ
- સ્પાઈરલ
- ડિશ ટીવી રિચાર્જ
- ઝેરોક્ષ
- પાનકાર્ડ
- આધાર કાર્ડ ડાઉનલોડ
- RTO ના ફોર્મ

## SBI ગ્રાહક સેવા કેન્દ્ર

- ATM કાર્ડથી રૂા.૧૦૦ થી રૂા. ૧૦૦૦૦ ઉપાડ
- આધારકાર્ડથી રૂા.૧૦૦ થી રૂા. ૧૦૦૦૦ ઉપાડ તથા જમાં
- ખાતા નં. થી ભગવતી સર્કલ SBI માં રૂા. ૧૦૦ થી રૂા. ૨૦૦૦૦ જમાં થશે (SBI ની કોઈ બીજી બ્રાંચ માં ટ્રાન્સફર પર ચાર્જ લાગશે)
- રૂા. ૧૨ વાળો વિમો ૧ વર્ષ અકસ્માતે મૃત્યુ રૂા. ૨,૦૦,૦૦૦ મળવા પાત્ર
- રૂા. ૩૩૦ વાળો વિમો ૧ વર્ષ કુદરતી મૃત્યુ રૂા. ૨,૦૦,૦૦૦ મળવા પાત્ર
- રૂા. ૧૦૦૦ થી રૂા. ૫૦૦૦ સુધીનું અટલ પેન્શન યોજના
- RD ખાતુ ખોલી આપીશું. * જનધન ખાતું ખોલી આપીશું.

**SBI બેંક પાસબુક માં એન્ટ્રી પાડી આપવામાં આવશે.**
નોંધ : બારકોડ સ્ટીકર ફરજીયાત લગાવેલું જોઈશે.

- LIC નો નવા વિમા માટે મળો.
- LIC પ્રિમીયમ ભરી આપીશું
- LIC પોલીસી ને લગતી તમામ સર્વિસ આપવામાં આવશે.
- SBI જનરલનો મેડિકલ વિમા માટે મળો.
- ફાસ્ટેગ કાઢી આપીશું

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA

FASTag Easy to Cruise

- થર્ડપાર્ટી તથા ફુલ વિમા કરી આપીશું (ટુવ્હિલર તેમજ ફોર વ્હિલર)
- કોમ્પ્યુટરના C.C.C કોર્ષ માટે મળો
- નવોદય ઓનલાઈન ફોર્મ ભરવા માટે મળો.

**तत्काल मनीट्रान्सफर**

**તત્કાલ મની ટ્રાન્સફર કરી આપીશું.**

## કેરિયર કોર્નર

ધો. ૧૨ (સાયન્સ) A-ગ્રુપના વિદ્યાર્થીઓ માટે **JEE(Mains)** તથા **JEE(Advance)** પરીક્ષા અંગે માર્ગદર્શન

વિદ્યાર્થીમિત્રો, ધો. ૧૨ (સાયન્સ) A-ગ્રુપનાં વિદ્યાર્થીઓ કે જેઓ એન્જીનીયરીંગ શાખામાં પ્રવેશ મેળવવા તથા અભ્યાસ કરવા ઇચ્છે છે તેવા વિદ્યાર્થીઓ માટે આ આર્ટીકલ ઉપયોગી રહેશે. એન્જીનીયરીંગમાં પ્રવેશ માટેની સંસ્થાઓ નીચે પ્રમાણે છે.

(૧) ગુજરાતની સરકારી એન્જીનીયરીંગ કોલેજો
(૨) ગુજરાતની પ્રાઈવેટ એન્જીનીયરીંગ કોલેજો
(૩) પ્રાઈવેટ યુનીવર્સીટીઓ
(૪) રાજય સરકારી યુનીવર્સીટીઓ
(૫) કેન્દ્ર સરકારની યુનીવર્સીટીઓ
(૬) NIT'S નેશનલ ઇન્સ્ટીટ્યુટસ ઓફ ટેકનોલોજી (ભારતમાં ૩૦ NIT છે.)
(૭) I.I.T'S ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટસ ઓફ ટેકનોલોજી (ભારતમાં ૨૩ I.I.T છે.)

ગુજરાત સરકાર તથા ખાનગી એન્જીનીયરીંગ કોલેજોમાં ગુજ-કેટ પ્રવેશ પરીક્ષાનાં મેળવેલા માર્કસથી પ્રવેશ મળે છે. પરંતુ ભારત સરકાર ફંડીંગ તથા શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રકચર તથા શ્રેષ્ઠ અધ્યાપકો ધરાવતી સંસ્થાઓ I.I.T'S માં પ્રવેશ મેળવવા માટે JEE(Mains), JEE(Advance) એમ બે પ્રકારની પ્રવેશ પરીક્ષાઓ આપવી પડે છે. ભારતમાં કુલ ૨૩ I.I.T's છે. તેમાંથી સર્વશ્રેષ્ઠ તથા નંબર-૧ રેન્ક I.I.T - મુંબઇ છે. આઇ.આઇ.ટી. માં પ્રવેશ માટેની લાયકાત માટે (૧) ધો. ૧૨ (સાયન્સ) માં ૭૫% ઉપર માર્કસ જરૂરી. (૨) JEE (મેઇન્સ) પરીક્ષામાં આશરે ૨,૦૦,૦૦૦ સુધી ઓલ ઇન્ડિયા રેંક લાવવો જરૂરી છે. પછી જ તેઓ JEE (એડવાન્સ) ની પરીક્ષા આપી શકે છે. JEE (મેઇન્સ) પરીક્ષામાં ૩ - ૩ કલાકના બે પેપર આપવાના હોય છે. ત્યારબાદ મેરીટથી રેન્ક મુજબ પ્રવેશ મળે છે. ખરક જ્ઞાતિ કેન્દ્ર સરકારમાં OBC જ્ઞાતિ નથી. આથી ઓલ ઇન્ડિયા રેન્ક (AIR) મુજબ, ઓપન કેટેગરીમાં જ I.I.T'S માં પ્રવેશ મળે છે. I.I.T'S માં પ્રવેશ મેળવવા માટે ધો. ૯ થી જ ફાઉન્ડેશન કોર્સથી શરૂઆત કરવી જોઇએ. વધુ માહિતી માટે સંપર્ક : મનસુખભાઇ સેંતા મો. ૯૮૨૪૦૪૪૩૬૪

## આવકાર



સેંતા રાઘવભાઇ વી. તથા કાગડા મનસુખભાઈ સી. દ્વારા દાઠા ગામના તમામ પરિવારોની માહિતી માટે દાઠા ખરક જ્ઞાતિ ડિરેકટરી - ૨૦૨૧ પુસ્તિકા તૈયાર કરવામાં આવી. જ્ઞાતિના ૭૮ પરિવારને કવર સાથે આ બુક પહોંચાડવામાં આવી. અન્ય ગામોએ પણ જ્ઞાતિના સંપ, સેવા અને સંગઠનના હેતુથી ડીરેકટરી તૈયાર કરવી જોઇએ. ખરક સમાજ દર્પણ આવા રૂડા કામને આવકારે છે.

## પ્રતિનિધિ ગામે ગામ



રમેશભાઇ જેરામભાઇ કોરડિયા
આવકાર એગ્રો એજન્સી - તળાજા
પ્રમુખ, ખરક સમાજ - તળાજા
તળાજા
મો. ૯૬૨૪૮ ૯૮૮૯૯



અશોકભાઇ જગદીશભાઇ સોલંકી
ગજાનન એગ્રો ઇન્ડ. ભુંભલી
ઘોઘા
મો. ૯૭૨૫૪ ૩૨૫૪૩



મુકેશભાઇ કરશનભાઇ ઠંઠ
યોગેશ્વર ટેકસટાઇલ્સ - ભાવનગર
તણસા
મો. ૯૦૬૭૮ ૪૧૦૩૮



ધીરૂભાઇ માવજીભાઇ ખોડિફાડ
હાજીપર
મો. ૯૯૨૪૫ ૨૧૨૪૭



ધીરૂભાઇ ઉકાભાઇ ખીમાણી
મારૂતિ જનરલ સ્ટોર - થોરાળી
થોરાળી
મો. ૮૦૦૦૯ ૮૦૨૯૬



પ્રવીણભાઇ સુધાભાઇ વળિયા
બાપા સીતારામ ટ્રેડીંગ કું. તળાજા
ખંઢેરા
મો. ૯૭૨૩૬ ૬૨૦૬૦

## સાયબર સફર

સત્સંગ : પૂ. મોરારીબાપુની સંપૂર્ણ રામકથા વડોદરા (૧૯૮૩) ખૂબ સરસ છે. ૭૨ ભાગમાં વહેંચાયેલ આ વિડિયો કથા આપ અનુકુળતાએ શાંતિથી સાંભળશો.
https://www.youtube.com/playlist?list=PLHbxiPjb8mKOIuDDTtKMZGHH0zVSRqvtX

શિક્ષણ : શિક્ષક દિને ખાસ જોવા લાયક ગુજરાતી નાટક ગુરુબ્રહ્મા દરેકે એકવાર અવશ્ય જોવા જેવું છે.
https://www.youtube.com/watch?v=wnQNnppYXTU

મનોરંજન : ભારતીય વિદ્યાભવન કલાકેન્દ્ર દ્વારા આયોજિત અખીલ ભારત શોર્ટ ફિલ્મ સ્પર્ધામાં ભાવનગરની 'ઝમકું' એ મેદાન માર્યું છે. વિજેતા ફિલ્મ તો જોવી જ જોઇએને?
https://www.youtube.com/watch?v=buE0O4rELlE

કૃષિ-દર્પણ : કૃષિ ગો વિદ્યાના ખેડુત અને ખેતી બંનેને સમજવા ખૂબ ઉપયોગી સામયિક છે ચાલો, જુના-નવા બધા અંકો નિરાંતે વાંચો.
http://www.aau.in/Krushigovidya

વાનગી : ઘરે બૈરાઓને ગુજરાતી રેસિપી બહુ ગમતી હોય છે. લ્યો અરૂણાબેન **aru'z kitchen** દ્વારા તમને ઉપયોગી થશે.
https://www.youtube.com/c/AruzKitchen

